# કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે દુકાન પાસે તાપણું કરવાના મામલે બે પાડોશી પરિવાર વચ્ચે બઘડાટી

## એકબીજા પર તૂટી પડતા ચારથી વધુ વ્યક્તિ ઘાયલ, બન્ને પક્ષે સામસામે ફરિયાદમાં ૧૬ સામે ગુનો નોંધાયો

ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે દુકાન પાસે તાપણું કરવાના મામલે બે પાડોશી પરિવાર વચ્ચે બઘડાટી બોલી ગઈ હતી જેમાં એકબીજા ઉપર હુમલો અને મારકૂટ કરતા ચારથી વધુ લોકોને નાની મોટી ઈજા પહોંચી હતી. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને બન્ને પક્ષની સામસામે ફરિયાદ દાખલ કરી ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે મયુરનગર ખાતે રહેતો અમિત કેશુભાઈ ગામી નામનો ૨૩ વર્ષના યુવાન પોતાની બુટડા ગરબી પાસે આવેલ દુકાનની સામેના ભાગે તાપણું કરી તાપતો હોય આ વેળાએ ત્યાં પાડોશમાં જ રહેતા પરબતભાઈ રણમલભાઈ સોલંકી, પરબતભાઈ રાણાભાઈ સોલંકી અને હિતેશ પરબતભાઈ સોલંકી નામના ત્રણેય શખ્સ એ આ જગ્યા તમારા બાપની નથી તેમ કહી પગથી તાપણું ઉડાડી દીધું હતું અને ના પાડી તોય કેમ તાપણું કર્યું ? તેમ જણાવી ધમકી આપી બાદ લાકડાના ધોકા વડે પરબત સોલંકી, પ્રતાપ સોલંકી, મોતીબેન પરબતભાઈ સોલંકી, સોનુબેન જીતેશભાઈ સોલંકી, અનિલ પરબતભાઈ સોલંકી, કોમલબેન અનિલભાઈ સોલંકી અને શાંતિબેન સંજયભાઈ સોલંકી નામના શખ્સો તૂટી પડ્યા હતા આથી અમીત ગામીને વાંસામાં ઈજા પહોંચી હતી તેમજ તેના મામીને ઢીકાપાટુનો માર મારી ગાળો કાઢી તથા મામા ભરતભાઈ સોલંકીને પણ ઢીકાપાટુનો માર માર્યો હતો તેમજ ટીશર્ટ ફાડી નાખી ઝગડો કરતા અમીત ગામી દ્વારા આઠેય સામે પોલીસમાં ફરિયાદ નોંધાવવામા આવી છે.

જ્યારે સામાપક્ષે જીતેશભાઈ પરબતભાઈ સોલંકીએ અમિતભાઈ કેશુભાઈ ગામી, ભાવેશભાઈ નાગાભાઈ સોલંકી, નાગાભાઈ કરસનભાઈ સોલંકી, ભરતભાઈ કરસનભાઈ સોલંકી, મંજુબેન ભરતભાઈ સોલંકી, રાણીબેન કરસનભાઈ સોલંકી, જશુબેન કેશુભાઈ ગામી અને કેશુભાઈ હમીરભાઈ ગામી નામના ૯ શખ્સ સામે વળતી ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવેલ છે કે તેના પિતા પરબતભાઈએ ભાડાની ઈકો કાર પોતાના ઘરની સામે રાખેલ હોય ત્યારે તાપણું ચાલુ હોય આ વેળાએ આરોપીઓએ ઝગડો કરી તાપણાંની બાજુમાં લઈ જઈ તેઓને ઢીકાપાટુનો માર મારી બાદ ફરિયાદીના કાકા ના દીકરા પ્રતાપને રાડ પાડી બોલાવતા પ્રતાપ ત્યાં જતા તેને લાકડાના ધોકા વડે ફટકાર્યો હતો તેમજ ફરિયાદીના પત્ની સોનુ બેન, માતા મોતીબેન, ભાભી કોમલબેન વિગેરે છોડાવવા વચ્ચે પડતા તેઓને પણ વારાફરતી માર માર્યો હતો અને ટાંટિયા ભાંગી નાખવાની ધમકી આપી હતી. આથી કલ્યાણપુર પોલીસે આ મામલે બન્ને પક્ષની સામસામે ફરિયાદ દાખલ કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# જામનગર નજીક ખીજડિયા પાસે ચાલુ કારમાં અકસ્માતે આગ લાગતા અગનગોળો બની

## કારમાં બેઠેલા ચાર વ્યક્તિઓ સલામત ઉતરી જતાં કોઈ જાનહાની ટળી



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર નજીક ખીજડીયા બાયપાસ ચોકડી પાસેથી પસાર થઈ રહેલી જી.જે. ૧-એચ. કે. ૭૧૬૧ નંબરની કારમાં ગઈકાલે સાંજે અકસ્માતે શોર્ટ સર્કિટ થવાથી આગ લાગી હતી, અને થોડીવારમાં આગે મોટું સ્વરૂપ ધારણ કરી લેતાં કાર ભડકે બળી હતી.

કારની અંદર તેના માલિક ભીમશીભાઈ ગોજીયા સહિત ચાર વ્યક્તિઓ બેઠેલી હતી, તેઓએ ચાલુ કારમાં શોર્ટ સર્કિટ થવાથી તુરંત જ કાર છોડીને બહાર નીકળી ગયા હતા, જેથી કોઈ જાનહાનિ થઈ ન હતી. પરંતુ કાર અગનગોળામાં ફેરવાઈ ગઈ હતી, જેના કારણે અનેક વાહન ચાલકો થંભી ગયા હતા, અને લોકોનું ટોળું એકત્ર થયું હતું.

આગના આ બનાવ અંગે ફાયર બ્રિગેડને જાણ કરાતાં ફાયરની ટુકડી તાબડતોબ ઘટના સ્થળે દોડી ગઈ હતી, અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. જોકે તે પહેલા કારમાં ઘણું નુકસાન થઈ ચૂક્યું હતું. ઈલેક્ટ્રીક વાયરીંગમાં શોર્ટ સર્કિટ થયા બાદ આગ લાગી હોવાનું અનુમાન કરાયું છે.

# જામનગરમાં મકરાણી સમાજના પ્રમુખ ઉપર મકાન ખાલી કરવાના પ્રશ્ને ચાર શખ્સોનો હુમલો





તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં મકરાણી સમાજ પ્રમુખ પર ગઈકાલે ચાર શખ્સોએ હુમલો કરી દેતા તેઓને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જ્યારે આ બનાવની જાણ થતાં સમાજના લોકો હોસ્પિટલ દોડી ગયા હતા. ઉપરાંત પોલીસ પણ દોડી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં મકરાણી સમાજના કબ્રસ્તાન વિસ્તારમાં રહેતા અને મકરાણી સમાજના પ્રમુખ જાનમામદ મોહમ્મદભાઈ બ્લોચ નામના ૫૬ વર્ષના અગ્રણી ઉપર ગઈકાલે હવાઈ ચોક વિસ્તારમાં સહેજાદ સલીમભાઈ બલોચ, સાહિલ સલીમભાઈ નામના બે ભાઈઓ તથા તેના અન્ય બે સાગરિત દ્વારા લોખંડના પાઈપ સહિતના હથિયાર વડે હીચકારો હુમલો કરાયો હતો, જેમાં જાનમામદ ભાઈને ઈજાઓ થતા તેઓને લોહી નિતરતી હાલતમાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, અને હાલ તેઓ સારવાર હેઠળ છે.

આ બનાવની જાણ થતા સીટી એ ડિવિઝનનો પોલીસ કાફલો સૌપ્રથમ ઘટના સ્થળે અને ત્યારબાદ જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો હતો, અને જાનમામદભાઈ બ્લોચની ફરિયાદના આધારે તેના ઉપર હીચકારો હુમલો કરનાર ચારેય આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે. પોલીસની પ્રાથમિક પૂછપરછ દરમિયાન ફરીયાદી જે મકાનમાં ભાડેથી રહેતા હતા, તે મકાનના માલિક સહેજાદ બ્લોચ અને અન્ય ત્રણ શખ્સોએ ભાડાના પ્રશ્ને તકરાર કરી માર માર્યો હોવાનું પોલીસમાં જાહેર થયું છે. જ્યારે આરોપીઓ હાલ ભાગી છૂટયા હોવાથી પોલીસ તમામને શોધી રહી છે.

# દ્વારકા જિલ્લામાં મતદારોના નામ કમી કરવાના પ્રશ્ને દ્વારકા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રેલી-આવેદન





તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : ગઈકાલે જિલ્લા કોંગ્રેસ સમિતિ દેવભૂમિ દ્વારકા દ્વારા મતદારોના નામ કમી બાબતે વિરોધ નોંધાવવા અને મતદારોને મતદાનથી વંચિત રાખવાના આરોપ સાથે તેમજ ફોર્મ નંબર ૭ જે ખોટી રીતે અને આધાર પુરાવા વગર રજૂ થયાના આરોપ સાથે એક રેલી યોજી અને જિલ્લા કલેક્ટર કચેરીએ આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

જેમાં પૂર્વ સાંસદ વિક્રમભાઈ માડમ,પાલભાઈ આંબલીયા તેમજ જિલ્લા કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ અને હોદેદારો તેમજ કાર્યકરો હાજર રહ્યા હતા. આ રેલીમાં સલાયા નગરપાલિકાના સદસ્ય અને મુસ્લિમ સમાજના અગ્રણી ઈરફાન અબ્બાસ ભાયાની આગેવાનીમાં મોટી સંખ્યામાં ભાઈઓ બહેનો જોડાયા હતા.

સલાયામાં હજારોની સંખ્યામાં મતદાર યાદીમાંથી મતદારોના નામ કમી થતા હોવાથી જેના વિરોધમાં આ રેલીમાં લોકો જોડાયા હતા અને આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો હતો. ફોર્મ નંબર ૭ આપી દર્શાવેલ વાંધા અરજી બાબતે સંપૂર્ણ ચકાસણી અને આધાર પુરાવા સક્ષમ અધિકારીઓએ ચકાસી અને ત્યારબાદ કાર્યવાહી કરવા માંગણી કરી હતી. તેમજ ફોર્મ નંબર ૭ જેમાં કોઈ આધાર પુરાવા રજૂ ન થયા હોય અથવા ખોટા રજૂ થયા હોય તેમના ફોર્મ નંબર ૭ દફતરે કરવા તેમજ આવા ફોર્મ રજૂ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવા તથા મતદારોને મતદાનથી વંચિત નહી કરવા માંગ કરાઈ હતી. આ રેલીમાં મોટી સંખ્યામાં સલાયાના ભાઈઓ-બહેનો જોડાયા હતા.

# જામનગરમાં પકોડા ખાઈ રહેલ વૃદ્ધનુ ખિસ્સુ હળવું કરનાર તસ્કરન ઝડપાયો

## એલસીબીની ટીમે તાત્કાલિક તસ્કરને ઝડપી લઈ ૩૪ હજાર કબ્જે કર્યા

જામનગર : જામનગરમાં હાટકેશ સોસાયટીમાં રહેતા વિજયભાઈ મગનલાલ ભારદિયા નામના ૬૩ વર્ષના બુઝુર્ગ કે જેઓ પોતાના બેંક ખાતામાંથી ૩૪,૦૦૦ ઉપાડીને પેન્ટના પાછળના ખિસ્સામાં રાખ્યા હતા, ત્યારબાદ તેઓ લીમડા લાઈન ના ખૂણા પાસે આવેલી એક નાસ્તાની હોટલ પર બહાર ઉભા રહીને પકોડા ખાઈ રહ્યા હતા. જે દરમિયાન કોઈ તસ્કરે તેમના ખિસ્સામાં હાથ નાખી રૂપિયા ૩૪,૦૦૦ ની રોકડ રકમની ચોરી કરી લઈ ગયા હતા.

આ બનાવ બાદ વિજયભાઈ ભારદિયા તુરંત જ જામનગરના સીટી બી. ડિવિઝન પોલીસ મથકે પહોંચ્યા હતા, અને પોતાની રૂપિયા ૩૪,૦૦૦ ની રકમની કોઈ તસ્કર ચોરી કરી લઈ ગયા નું હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસ દ્વારા તેની ફરિયાદ લઈ લેવામાં આવી હતી.

ત્યારબાદ જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ તુંરત જ હોટલ તથા આસપાસની દુકાનોમાં લગાડેલા સીસીટીવી કેમેરાઓ ચેક કર્યા હતા, અને તેમાં દેખાઈ રહેલા ૨૫ થી ૩૦ વર્ષની વ્યક્તિના વર્ણનના આધારે તપાસ હાથ ધરીને ગણતરીના કલાકોમાં જ તસ્કરને ઝડપી પાડયો છે, અને તેની પાસેથી રૂપિયા ૩૪ હજારની રોકડ રકમ કબજે કરી લીધી છે.

# જામનગરમાં મકાનમાંથી ઈંગ્લીશ દારૂ મળી આવતા શખ્સની અટકાયત

જામનગર : જામનગર શહેરના કોમલનગર વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં સ્થાનિક પોલીસે દરોડો પાડી ઈંગ્લિશ દારૂની બાટલીઓ સાથે શખ્સને ઝડપી પાડી તેના વિરુદ્ધ પ્રોહી. એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર જામનગરમાં આંબેડકર બ્રીજ પાસે આવેલા કોમલનગરના ઢાળિયા પાસે રહેતા અલ્તાફ અનવરભાઈ સમેજા નામના શખ્સના રહેણાંક મકાને batmina આધારે સિટી સી ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો દરમિયાન અહીથી ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂની ૪ બાટલી મળી આવતા તેની અટકાયત કરી રૂપિયા ૨૮૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભાણવડના શીવા ગામ પાસે રોડ ક્રોસ કરતા બાઈક ચાલકનું તુફાનની હડફેટે મૃત્યુ

ભાણવડ : ભાણવડ તાલુકાના સિવા ગામના પાટીયા પાસે વેરાડ ગામ તરફ જતો રોડ ક્રોસ કરતી વેળાએ એક પરપ્રાંતિય મોટરસાયકલ ચાલક યુવાનનું તુફાન ગાડીની હડફેટે મૃત્યુ નીપજતા પરિવારમાં શોકનુ મોજુ ફરી વળ્યુ છે. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસની ટીમ સ્થળપર દોડી ગયેલ અને મૃતકના ભાઈની ફરિયાદ પરથી તુફાન ગાડીના ચાલક સામે વિધિવત ગુન્હો નોધી ધોરણસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મધ્યપ્રદેશ રાજ્યના ધાર જિલ્લાના ગંધવાની તાલુકાના રેહદડા ગામનો ભવરસિંહ છીતરીયાભાઈ ચૌહાણ નામનો ૩૭ વર્ષનો યુવાન ગત તારીખ ૨૧ ની સાંજે પાંચેક વાગ્યાના સુમારે ભાણવડ તાલુકાના શિવા ગામના પાટીયા પાસેથી પોતાનું એમ. પી. ૧૧ એમ. ટી. ૫૪૨૦ નંબરનું મોટરસાયકલ ચલાવી વેરાડ ગામ તરફ જતો રોડ ક્રોસ કરતો હોય આ વેળાએ જામજોધપુર તરફથી આવી રહેલ જી. જે. ૧૭ એ. ૬૦૯૫ નંબરની તુફાન ગાડીના ચાલકે મોટરસાયકલ સાથે અકસ્માત સર્જતા ભવરસિંહને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતકના ભાઈ ગણપતભાઈ ચૌહાણની ફરિયાદ પરથી તુફાન ગાડીના ચાલક સામે ગુન્હો દાખલ કરી તેને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ધ્રોલમાં પાંચ વર્ષની બાળકીને ઉઠાવી જનાર કુટુંબી મામાની અટકાયત

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોળ પંથકમાં વાડી વિસ્તારમાંથી પાંચ વર્ષની બાળકીનું અપહરણ થયું હતું, અને તેણીને ઉઠાવી જનાર બાજુની વાડીમાં કામ કરતા મૂળ મધ્ય પ્રદેશના વતની કાજુ હટુ બુંદેલીયા સામે અપહરણની ફરિયાદ નોંધાવાઈ હતી, જે આરોપી બાળકીના કુટુંબી મામાને પોલીસે શોધી કાઢ્યો છે, અને બાળકીનો કબજો સંભાળી મેડિકલ તપાસણી કરાવ્યા બાદ તેના વાલીને પરત સોંપી દેવાઈ છે.

ધ્રોલના વાડી વિસ્તારમાંથી પરમદીને સાંજે પાંચ વર્ષની એક શ્રમિક પરિવારની બાળકીનું અપહરણ થઈ ગયું હતું, અને બાળકીના પિતા દ્વારા ધ્રોલ પોલીસ મથકમાં પોતાની પુત્રીના અપહરણ અંગે બાજુમાં જ આવેલી એક વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા મૂળ મધ્યપ્રદેશના વતની કાજુ હટુ બુંદેલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે આરોપીને પકડવા માટે પોલીસ દ્વારા સીસીટીવી કેમેરાઓની મદદ લેવામાં આવી હતી.

દરમિયાન ગઈકાલે ધ્રોલ પોલીસ દ્વારા સીસીટીવી કેમેરાઓ મારફતે ડબલ સવારી બાઈકમાં બાળકીને વચ્ચે બેસાડીને લઈ જતા વ્યક્તિને સીસીટીવી ફૂટેજના આધારે ધ્રોલના ત્રિકોણ બાગમાં વોચ ગોઠવી આરોપી કાજુ બુંદેલિયાને ઝડપી લીધો હતો અને તેને ધ્રોળ પોલીસ મથકમાં લઈ આવી ઘનિષ્ઠ પૂછપરછ કરવામાં આવી હતી.

આરોપીની પૂછપરછ કરતાં પોતે બાળકીનો કુટુંબી મામો હોવાનું અને ભાણેજને ખાવાની ચીજવસ્તુ લઈ દેવાની માગણી કરી હોવાથી પોતે ગરડીયા ગામના યુવાનના બાઈકમાં લિફ્ટ માગતા પોતે પડધરી તરફ જતો હોવાનું જણાવતાં તેના બાઈકમાં બેસી બાળકીને લઈ ગયો હતો.

ધ્રોલ પોલીસે બાળકીનો કબજો સંભાળી સરકારી હોસ્પિટલમાં તબીબી ચકાસણી કરાવવામાં આવી હતી, ત્યારબાદ બાળકીનો કબજો તેના વાલીને સોંપી દેવામાં આવ્યો છે, અને આખરે ગુમ થનાર બાળકી તેના પરિવાર પાસે હેમખેમ પહોંચી ગઈ છે.

# જામનગરના એરપોર્ટ પર મુખ્યમંત્રીનું મહાનુભાવો દ્વારા ભવ્ય કરાયું સ્વાગત









તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ગુજરાત રાજયના લોકપ્રિય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું ગઈકાલે જામનગર એરપોર્ટ ખાતે આગમન થતાં તેમનું ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીના સ્વાગત અર્થે એરપોર્ટ પર રાજકીય આગેવાનો અને વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીનું વિમાન ઉતરાણ થયા બાદ રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણી, પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા તથા દિવ્યેશભાઈ અકબરીએ તેમને પુષ્પગુચ્છ અર્પણ કરી આવકાર્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મયબેન ગરસર અને ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા પણ ઉપસ્થિત રહ્યા હતા.

જ્યારે વહીવટી તંત્ર તરફથી જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની અને ડેપ્યુટી કમિશનર ઝાલાએ મુખ્યમંત્રીનું સ્વાગત કરી મુલાકાત લીધી હતી. આ ઉપરાંત, અગ્રણી આગેવાન સર્વ બીનાબેન કોઠારી, ડો. વિનુભાઈ ભંડેરી, કેતન નાખવા, વિજયસિંહ જેઠવા અને આશિષભાઈ જોશી સહિતના મહાનુભાવોએ પણ ઉપસ્થિત રહી મુખ્યમંત્રીને જામનગરની ધરા પર આવકાર્યા હતા.